**GUJARAT**
**TECHNOLOGICAL UNIVERSITY**

**Ref. : જીટીયુ/પરિપત્ર/સ્ટાફ એન્ડોર્સમેન્ટ/૨૦૧૨/૩૧૧૫** **Date : 27/03/2012**

## પરીપત્ર :

ગુજરાત રાજ્યની એન્જિનીયરીંગ ડીગ્રી-ડીપ્લોમાં, ફાર્મસી ડીગ્રી-ડીપ્લોમા, એમ.બી.એ. તથા એમ.સી.એ. કોલેજના અધ્યાપકો, આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રી કે જેઓને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવતા પહેલા જે તે યુનિવર્સિટી સાથે જોડાયેલ કોલેજમાં ફરજ બજાવતાં હોવાથી તેઓની નિમણુંકને બહાલી/માન્યતા આપવામાં આવેલ હોય તો તે અંગેના તમામ સાધનિક પૂરાવાઓ સાથેની દરખાસ્ત માસ-૧ માં એટલે કે તા. ૩૦-૦૪-૨૦૧૨ સુધીમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્ટાફ એન્ડોર્સમેન્ટ બ્રાન્ચને મોકલી આપવા મા. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે.

(૧) અગાઉની યુનિવર્સિટી દ્વારા માન્યતા/બહાલી મળી હોય ત્યાર બાદ જે તે અધ્યાપક/પ્રિન્સિપાલ તે જ કોલેજમાં ફરજ બજાવતા હોય તેમને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા બહાલી આપવામાં આવનાર છે.

(૨) આગાઉની યુનિવર્સિટીના કુલપતિશ્રીના પ્રતિનીધીની (વીસી નોમીની) હાજરીમાં ઈન્ટરવ્યુ થયેલ હોય અને સિલેક્સન કમિટી દ્વારા નિમણુંક આપવા માટે પસંદ થયા હોય જેનો ઉલ્લેખ મીનીટ્સમાં હોવો જરૂરી છે. તથા જે તે યુનિવર્સિટી દ્વારા જે તે વખતે બહાલી આપી હોય અને તે વખતે જે શરતો મુકી હોય તેનું પાલન થયુ હોય તો જ દરખાસ્ત કરવાની રહેશે.

(૩) જે તે અધ્યાપક/પ્રિન્સિપાલ/ડાયરેક્ટરનો નિમણુંક પત્ર, ડીગ્રી સર્ટી તથા માર્કશીટ, અનુભવનાં પ્રમાણપત્રો, જન્મ તારીખનો પૂરાવો પ્રિવીયસ યુનિવર્સિટી/ડીટીઈ, ગાંધીનગરની બહાલીનો પત્ર વગેરે દસ્તાવેજો કોલેજ મેનેજમેન્ટ દ્વારા સર્ટીફાઈડ ટ્રુ કોપી કરાવીને દરખાસ્ત કોલેજના ચેરમેન/મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા મોકલવાની રહેશે. તેમાં સ્પષ્ટ જણાવવાનું કે જે તે અધ્યાપક/પ્રિન્સિપાલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપના પહેલા અમારી કોલેજમાં ફરજ બજાવતા હતા અને હાલમાં તેઓ સળંગ અમારી સંસ્થામાં જ ફરજ બજાવે છે. જો માન્યતા મળ્યા બાદ કોલેજ બદલવા માં આવી હશે તો બહાલી મળવા પાત્ર થતી નથી તેની નોંધ લેશો.

(૪) વિશેષ માર્ગદર્શન માટે શ્રી રામસિહ રાજપૂત ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યુટી સ્ટાફ એન્ડોર્સમેન્ટ બ્રાન્ચ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો (મો.) ૯૪૨૬૮૬૭૭૮૦/૯૪૨૭૨૮૬૧૬૯ પર સંપર્ક કરી વિગતે માહિતી મેળવી લેવા વિનંતી.

**(ડૉ. જી.પી. વડોદરીયા)**
**કા. કુલસચિવ**
**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી**

**પ્રતિ,**
**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/ઈન્સ્ટિટ્યૂસન્સના આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રી ઓ તરફજાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.**